અપીલ અરજી નં.૬૫૬ તા.૨૮–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મેહુલ વી. પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેહુલ વી. પટેલની તા. ૨૪–૧–૧૨ની અરજીથી ૫૫–એ, ઉમરવાડા ડી ટાઈપ એપાર્ટ. લીંબાયત પર ચાલતું બાંધકામ કાયદેસર છે કે નહીં તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૬/૨૦૧૧–૧૨

શ્રી મેહુલ વી. પટેલની તા. ૨૪–૧–૧૨ની અરજીથી ૫૫–એ, ઉમરવાડા ડી ટાઈપ એપાર્ટ. લીંબાયત પર ચાલતું બાંધકામ કાયદેસર છે કે નહીં તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૪૧ તા. ૭–૩–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–' ક ' ની તા. ૧૯–૧૨–૧૧ જણાવી, ફીની રસીદ તા. ૨૪–૧–૧૨ ની રજૂ કરેલ છે તે અંગે માંગેલ માહિતીની વિગતો રજૂ કરવા સહિત વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે તેમને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૪–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા. ૨૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી કે તેમનો પક્ષ રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને અત્રેથી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–' ક ' ની તા. ૧૯–૧૨–૧૧ જણાવી, ફીની રસીદ તા. ૨૪–૧–૧૨ ની રજૂ કરેલ છે તે અંગે માંગેલ માહિતીની વિગતો રજૂ કરવા સહિત વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે તેમને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી .

પરંતુ કોમ્પ્યુટર પ્રોગ્રામમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારીના નામે સદર અરજી તા. ૨૪–૧–૧૨માં નોંધાયાની વિગતો રજીસ્ટરની કોમ્પ્યુટર એન્ટ્રીમાં દર્શાવે છે.

વધુમાં અરજદારે સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૮–૨–૧૨ ધ્યાને લેતાં ૨૮–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પાડવામાં આવેલ માહિતી આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૦૭માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મેહુલ વી. પટેલ,